# રેવન્યુ કર્મચારી મહામંડળના પડતર પ્રશ્નોનો અંગે હકારાત્મક ખાતરી મળતા હડતાલનો કાર્યક્રમ મોકુફ

હિંમતનગર, તા.૧૬

ગુજરાત રાજય રેવન્યું કર્મચારી મહામંડળના તમામ સભ્યોને જણાવવાનું કે ગુજરાત રાજય રેવન્યું કર્મચારીઓના કેટલાક પડતર પ્રશ્નોનું છેલ્લા કેટલાક સમયથી નિરાકરણ આવ્યું નથી. જેને પગલે ગુજરાત રાજય રેવન્યું કર્મચારી મહામંડળ દ્વારા પડતર માંગણીઓને લઈને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મહેસુલ મંત્રી અને અગ્ર સચિવને લેખિત જાણ કરી હતી. જયારે ગુજરાત રાજય મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ દેવેશ પટેલે તા. ૧૮ મે થી તબક્કાવાર હડતાલનો કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેનો અનુલક્ષીને તા.૧૫ મે ના રોજ મહેસુલના અધિક મુખ્ય સચિવ સાથે મંડળના હોદેદારો તેમજ હડતાલ કમિટી સાથે બેઠક યોજી હતી અને રેવન્યું કર્મચારીઓના તમામ પડતર પ્રશ્નોની ચર્ચા કરી હતી. અને તમામ પડતર પ્રશ્નોનો ટુંક સમયમાં હકારાત્મક નિકાલ કરવાની ખાત્રી તંત્ર તરફથી મળતા હડતાલ કમિટી દ્વારા તા.૧૮-૫-૧૮થી આપવામાં આવેલ તબક્કાવાર હડતાલનો કાર્યક્રમ હાલ પુરતો મોકુફ રાખવામાં આવેલ છે જેની સર્વ કર્મચારીઓએ નોંધ લેવા ગુ.રાજય મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

# રતનપુર ગામમાં ગલ્લાના શેડ પર દોરડુ બાંધી પ્રૌઢનો ગળે ફાંસો

## ૫૩ વર્ષીય પ્રૌઢે અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા ચકચાર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા રતનપુર ગામમાં પોતાના ગલ્લાના શેડના હુક સાથે દોરડુ બાંધી ૫૩ વર્ષીય પ્રૌઢે રાત્રી દરમિયાન કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. વહેલી સવારે લટકતો મૃતદેહ જોઈ ગ્રામજનોને ઘટનાની જાણ થતા પોલીસ બોલાવી લીધી હતી. ડભોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ડભોડા રોડ પર આવેલા રતનપુર ગામમાં રહેતા રઘુસિંહ પ્રતાપસિંહ બિહોલા (ઉ.વ. ૫૩)ને ગામની સીમમાં જ પાનમસાલાનો ગલ્લો હતો. ગલ્લા બહાર પતરાનો શેડ કરેલો હતો. રઘુસિંહ ઘણીવાર મોડી રાત સુધી ગલ્લો ચાલુ રાખી ત્યાં જ શેડ નીચે સુઈ જતા હતા. ગઈ રાત્રે પણ રઘુસિંહ પોતાના ઘરે ગયા ન હતા. સવારે સવા છ વાગ્યા આસપાસ ગ્રામજનોની ચહલપહલ શરુ થઈ ત્યારે ગલ્લાના શેડ પાસે તેમનો લટકેલો મૃતદેહ જોઈ ચકચાર મચી ગઈ હતી. પરિવારજનો અને પોલીસને ઘટનાની જાણ કરી બોલાવી લેવાઈ હતી. રાત્રી દરમિયાન રઘુસિંહે કોઈ કારણોસર ગલ્લા પાસેના પતરાના શેડના હુક સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું કારણ બહાર આવ્યું નથી.



કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભાજપનો દબદબો જોવા મળ્યો હતો. કર્ણાટકની ૨૨૪ સીટો પૈકી ૨૨૨ સીટોનું મતદાન યોજાયું હતું. જેમાં ભાજપને ૧૦૪, કોંગ્રેસને ૭૮, જેડીએસને ૩૮ જયારે અન્યને ૨ સીટો મળી હતી. આમ કર્ણાટકમાં કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતિ મળી નથી. આ પરિણામ જોઈ જીલ્લા મથક પાલનપુરમાં ગુરુનાનક ચોક ખાતે શહેર ભાજપ દ્વારા કર્ણાટકમાં વિધાનસભાની જીતને લઈને વિજય ઉત્સવ મનાવ્યો હતો અને ભાજપના આગેવાનોએ ફટાકડા ફોડી ભાજપને ચૂંટણીમાં મળેલી સફળતાની ખુશી વ્યકત કરી હતી અને આગામી સમયમાં પણ ચૂંટણીના પરિણામમાં જનમત ભાજપ તરફ રહેવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે ભાજપ શહેર પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, મહામંત્રી અતુલભાઈ જોષી, દલપતભાઈ બારોટ, ભાજપ અગ્રણી માધુભાઈ રાણા, પાલિકા સદસ્યો, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ અશોક પટેલ સહિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિજય ઉત્સવ મનાવ્યો હતો.



પાલનપુર આનંદધામ ખાતે ગરવી ગુજરાતના વિકાસશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પ્રેરક વિચારો અને સ્લોગનો તથા તસ્વીરી ઝલક સાથેના આજીવન કેલેન્ડરનો વિમોચન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજય સરકારના પૂર્વ મંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી. પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, પ્રભારી દુષ્યંત પંડ્યાના કરકમળોથી તાળીઓના ગડગડાટ વચ્ચે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સ્લોગન સાથેના કેલેન્ડરનું વિમોચન કરાયું હતું. સ્વામી આનંદ રાજેન્દ્ર દ્વારા બનાવાયેલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સચિત્ર કેલેન્ડરના વિમોચન બાદ મીડિયા સાથેની વાતચીતમાં પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુંકે ગુજરાતમાં વણથંભી વિકાસયાત્રા તેજગતિએ આગળ વધી રહી છે. ત્યારે આ વિકાસયાત્રામાં સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે બનાસડેરીના વાઈસ ચેરમેન અને ડીસા એ.પી.એમ.સી ચેરમેન માવજીભાઈ દેસાઈ, ડીસા પાલિકા પ્રમુખ પ્રવીણ માળી, પાલનપુર પાલિકા પ્રમુખ નીલમબેન જાની સહિત ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના કોલીખડ કંપા નજીક ફરિયાદી જ આરોપી નીકળ્યો

## મહિલાના શંકાશીલ પતિએ પત્નીના ચારિત્ર પર શક રાખી લોખંડની એંગલ મારી મોતને ઘાટ ઉતારી હોવાની કબૂલાત

મોડાસા, તા. ૧૬

મોડાસા-ધનસુરા રોડ પર આવેલા કોલીખડ કંપા નજીક આવેલા ફાર્મ હાઉસમાં મહિલા પર લૂંટના ઈરાદે મહિલા પર હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખસેડાઈ હતી. મહિલાના પતિએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજતા મોડાસા ટાઉન પોલીસે હત્યાનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી અને પાસાની તપાસ પછી મહિલાનો પતિ જ હત્યારો જણાતા મોડાસા ટાઉન પોલીસે આગવી ધબે મહિલાના પતિની પૂછપરછ કરતા આખરે મહિલાના પતિએ જ હત્યા કરી હોવાનું કબુલી લેતા મોડાસા ટાઉન પોલીસ હત્યાનો ગુન્હો ઉકેલવામાં સફળ રહી હતી.

મોડાસાના કોલીખડ કંપા નજીક ૨ એપ્રિલ ૨૦૧૮ના રોજ ફાર્મહાઉસની ઓરડીમાં રહેતા અને ખેતમજૂરી કરતા પરિવારની મહિલા જ્યોત્સનાબેન બકાભાઈ નાયકા ઓરડીમાં હતી ત્યારે અજાણ્યા ઈસમે ઓરડીમાં પ્રવેશી મહિલા પર માથાના ભાગે લોંખડની એંગલ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી કાનમાં પહેરેલી જૂઠી બુટ્ટી અને સોનાની ચુનીની લૂંટ ચલાવી ફરાર થઈ જવાની ફરિયાદ ૫ એપ્રિલ ૨૦૧૮ના રોજ નોંધાઈ હતી. સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજતા ફરિયાદમાં ઈપીકો કલમ-૩૦૭માંથી ઈપીકો કલમ-૩૦૨ ઉમેરો કરવામાં આવ્યો હતો. મોડાસા ટાઉન પોલીસે તપાસ હાથ ધરાતા મહિલાનો પતિ મહિલા પર અવારનવાર ચારિત્ર અંગે વ્હેમ રાખી મારઝુડ કરતો હોવાનું ધ્યાને આવતા તે દિશામાં એલસીબી પોલીસ અને ડીસ્ટાફ સાથે રાખી તપાસ હાથ ધરી મૃતક મહિલાના પતિને મોડાસા પોલીસ સ્ટેશને લઈ આવી આગવી ઢબે પૂછપરછ કરતા બકો ભાગી પડ્યો હતો અને પત્ની સાથે ચારિત્ર બાબતે વારંવાર ઝગડા થતા હતા એ દિવસે પણ મહિલા સાથે ઝગડો થતા એંગલ મારી હત્યા કરવાની કબૂલાત ૧૫ મે ૨૦૧૮ કરતા બકા નાયકની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઊંઝા વિસ્તારમાં વ્યાજખોરોના ત્રાસથી ગરીબો હેરાન-પરેશાન

ઊંઝા, તા. ૧૬

ઊંઝા શહેર અને તેની આસપાસના કેટલાક ગામોમાં કથિત વ્યાજખોરોના ત્રાસથી અવારનવાર ગરીબ માનવીઓ કમોતે મરતા હોવાના કિસ્સાઓ બની રહ્યા છે. તેમ છતાં સંબંધિત સરકારીતંત્રો દ્વારા આવા વ્યાજખોરો સામે કોઈજ કડક પગલાં ભરાતા નથી. પરિણામે પઠાણી વ્યાજમાં ગેરકાયદે ધંધો ફૂલ્યોફાલ્યો છે. ઊંઝા નજીકના મક્તુપુર ગામે રહેતા સોલંકી દિનેશભાઈ મોહનભાઈએ ગામના જ કેટલાક ઈસમો પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. જેથી કથિત વ્યાજખોરો અવારનવાર ઉઘરાણી કરતા હતા. દરમિયાન ગત તા. ૭મી એપ્રિલના રોજ આ શખ્સોએ દિનેશભાઈને મારઝુડ કરી ધાક ધમકીઓ આપી જાતિ વિશે અપમાનજનક શબ્દો બોલતાં તેમણે વ્યાજખોરોના ત્રાસથી ગામના સધીમાતાના મંદિર પાછળ જઈ કોઈ ઝેરી દવા પીધી હતી. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. મૃતકના પિતા મોહનભાઈ જેઠાભાઈ સોલંકીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ઠાકોર જેહુજી ચમનજી, પટેલ નવિનભાઈ મોહનભાઈ, પટેલ મોહનભાઈ પ્રભુદાસ, પ્રજાપતિ મહેશભાઈ સાંકળચંદ, પટેલ મુકેશ અંબાલાલ, પટેલ મહેન્દ્ર મફાભાઈ ઉર્ફે મંડો અને રાવળ દિપક ગાંડાભાઈ રહે. મક્તુપુર વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૦૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ એસ.સી. એસ.ટી.સેલ મહેસાણાના ડી.વાય. એસ. પી. ચલાવી રહ્યા છે.

# આજે એસએસઆઈપી હબ ખુલ્લુ મુકાશે

ગાંધીનગર, તા. ૧૬

નોલેજ કન્સોટીયમ ઓફ ગુજરાત અમદાવાદ ખાતે આવતીકાલ તા. ૧૭મી મે-૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૧૦ કલાકે એન્યુઅલ સ્ટાર્ટઅપ મીટ એન્ડ લોન્ચ ઓફ એસએસઆઈપી હબ કાર્યક્રમ યોજાશે. જેમાં મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અગ્ર સચિવ અંજુ શર્મા અને નિયામક કે.કે. નિરાલા ઉપસ્થિત રહેશે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસીના ભાગરૂપેની કામગીરી જેવી કે 'સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા' 'હેકાથોન ૨૦૧૮' 'સમર ઈનોવેશન ચેલેન્જ-૨૦૧૭' વગેરે જેવી સ્પર્ધાનું આયોજન કરવું, ગુજરાત રાજયની તમામ યુનિવર્સિટી, સંસ્થાઓનો આ પોલિસીમાં સમાવેશ કરવો, રાજયના વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપને લગતુ યોગ્ય માર્ગદર્શન તેમજ સહાય પુરી પાડવી વગેરે માટે નોલેજ કન્સોટીયમ ઓફ ગુજરાત અમદાવાદ ખાતે ગુજરાત સ્ટુડન્ટ ઈનોવેશન હબ ઉભો કરીને કોમન ફેસીલીટીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે એસએસઆઈપી હબનું લોકાર્પણ કરવામાં આવશે.

# પ્રાંતિજના રસુલપુર પાટીયા પાસે એસ.ટી. બસની ટક્કરથી કાર પલટી ખાઈ ગઈ

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ રસુલપુર પાટીયા પાસે ઉદેપુરથી અમદાવાદ તરફ જતી કારને એસટી બસ ચાલકે પાછળથી ટકકર મારતાં કાર રોડની સાઈડમાં જઈ ચડી હતી. કારમાં સવાર પિતા-પુત્રનો આબાદ બચાવ થયો હતો.

પ્રાંતિજના રસુલપુર પાસે ઉદેપુરથી અમદાવાદ તરફ જતી કાર આરજે.૨૭.સીસી.૭૮૪૦ને પાછળથી ફુલ ઝડપે એસટી બસ હંકારી લાવી આગળ જતી કારને પાછળથી ટકકર મારતાં કાર રોડની સાઈડમાં પલ્ટી ખાઈ ગઈ હતી. પાછળથી ટકકર મારી એસટી બસ ચાલક રફુચક્કર થઈ ગયો હતો. કારમાં જઈ રહેલ પિતા રાજકુમાર કટારીયા ઉ. વર્ષ-૬૦ તથા પુત્ર મોન્ટી કટારીયા ઉ. વર્ષ-૨૫ રહે. ઉદેપુરનાનો આબાદ બચાવ થયો હતો. શરીરે સામાન્ય ઈજાઓ થતાં તેવોએ પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર લીધી હતી. પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટનાસ્થળે આવી આગળની તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદ વણકર સેવા સમાજ જીવનસાથી પસંદગી મેળા જોગ

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા આગામી ૨૦મી મે ૨૦૧૮ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે ડૉ. આંબેડકર મેમોરિયલ હોલ સરસપુર અમદાવાદ ખાતે જીવસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ જીવનસાથી પસંદગી મેળામાં ગાંધીનગરના જે યુવક યુવતીઓએ નિયત નમુનાના ફોર્મ ભર્યા છે તેઓએ ગાંધીનગરના સભ્ય ડી.એમ. પરમાર (રહે. પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૭-બી) મો. ૯૫૭૪૧૨૨૦૨૩નો સંપર્ક કરી નાણાં ભર્યા અંગેની જરૂરી પહોંચ મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે ૨૦મી મે ૨૦૧૮નો રવિવારના રોજ જીવનસાથી પસંદગીની બુક પણ સ્થળ પરથી મેળવી શકશો તેમ આયોજકોએ જણાવ્યું હતું.

**રક્તદાન મહાદાન**

## ખરીદ-વેચાણ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હોવા છતાં બહુમતિ માટેના ૧૧૨ના આંકડા સુધી પહોંચી શકી નથી. આવી સ્થિતિમાં જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે. વજુભાઈ વાળા વચગાળાના સ્પીકરની નિમણૂંક કરી શકે છે. કર્ણાટકમાં આક્ષેપબાજીનો દોર પણ હવે શરૂ થયો છે.

ભાજપે આક્ષેપ કર્યો છે કે, કર્ણાટક સરકાર દ્વારા ફોન ટેપ કરવામાં આવી રહ્યા છે. લોકસભાના સ્પીકરને ફરિયાદ પણ કરવામાં આવી છે. બીજી બાજુ રાજયપાલે ખાતરી આપી છે કે, બંધારણ મુજબ તેઓ કોઈ નિર્ણય લેશે. કોંગ્રેસના નેતા ડીકે શિવકુમારે કહ્યું છે કે, અમને રાજયપાલમાં વિશ્વાસ છે. તેઓ અન્યાય કરશે નહીં. અમારી પાસે નંબર છે. કોઈ એક સભ્ય પણ બહાર નથી. કુમારસ્વામીએ કહ્યું હતું કે, અમને સરકાર રચવાની તક મળવી જોઈએ. અમારા ધારાસભ્યો અકબંધ છે. રાજયપાલ સાથે બેઠક બાદ કુમારસ્વામીએ એમ પણ કહ્યું હતુ કે, અમે સ્થિર સરકાર બનાવવાની સ્થિતિમાં છે.

બીજી બાજુ કોંગ્રેસના નેતા અશોક ગેહલોતે કહ્યું હતું કે, લોકશાહીને બચાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે. કુમારસ્વામીના કહેવા મુજબ રાજયપાલનો ૧૧૭ ધારાસભ્યોની યાદી સોંપી દેવામાં આવી છે. સરકાર રચવાના તેમના દાવા પર વિચારણા કરવા પણ કહેવામાં આવ્યું છે. કુમારસ્વામીનું કહેવું છે કે, જેડીએસ અને કોંગ્રેસનું વલણ અકબંધ રહ્યું છે. વજુભાઈ વાળા કાયદાકીય નિષ્ણાતો સાથે વાતચીતમાં વ્યસ્ત બની ગયા છે. કર્ણાટકમાં આક્ષેપબાજીનો દોર હવે જોરદારરીતે જારી છે.

## અગનવર્ષા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ડી ગ્રી સુધી પહોંચ્યુ હતુ. જયારે આજે ગરમીનો પારો ૪૪ ડી ગ્રીએ પહોંચી જતા સિઝનનો મહત્તમ ગરમ દિવસ પુરવાર થયો હતો. સવારથી જ આકરી ગરમીની અસર વર્તાઈ રહી હતી. જયારે બપોર થતા આકાશમાંથી અગ્નજવાળ વરસી હતી. ચામડીને દાહ આપતી ગરમીમાં નગરજનો અકળાયા હતા. ગાંધીનગરને આકરી ગરમીએ બાનમાં લેતા નગરજનોએ કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. જયારે ગરમીની અસરથી બચવા વાહનચાલકો ટોપી અને રૂમાલમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. નગરના માર્ગો પર દિવસ દરમિયાન ચહલ પહલ પણ ઓછી રહી હતી. જયારે સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓની હાજરી પર ગરમીની અસર વર્તાઈ હતી. દિવસ દરમિયાન નગરમાં વિવિધ ઠેકાણે ઠંડી છાશ અને પાણીના વિતરણ માટે કાર્યરત પરબો પર નાગરિકો ઠંડા થતા નજરે પડયા હતા. મહત્તમ તાપમાન વધવાની સાથે લઘુત્તમ તાપમાનમાં તેનાથી વિપરિત ૦.૫ ડી ગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. ગરમીનો પારો ઉંચે ચઢતા નગરજનો હીટવેવની અસરથી બચવા માટે અનેક નુસખા અજમાવી રહયા છે. જયારે ગરમીથી બચવા માટે બપોરના સમયે બહાર ન નિકળવા માટે અને છાશ તેમજ સતત ઠંડુ પાણી પીવા માટે પણ આરોગ્ય તંત્રએ નગરજનોને અપીલ કરી છે.

## નારાજ થયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અધિકારીઓ સમક્ષ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં જળસંચય યોજના અભિયાન અંતર્ગત ચારથી પાંચ જેટલા જુદા જુદા દષ્ટિકોણ સાથેની કામગીરી હાથ ધરવા માટેનો એક્શન પ્લાન તૈયાર કરાયો હતો.

જિલ્લામાં જળસંચય અભિયાનની ધીમી કામગીરીને લઈ પ્રભારી સચિવ સંજીવકુમાર પણ આ અગાઉ સમીક્ષા બેઠક દરમ્યાન નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લા કલેક્ટરે જળ બચત માટેના જાગૃતિ અભિયાન તેમજ જળસ્ત્રોતોની સફાઈની કામગીરીને લઈ થોડોક સંતોષ વ્યક્ત કર્યો હોવાનું પણ જાણવા મળેલ છે.

## સારવાર લીધી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને માણસામાં ૪૯૫ લાભાર્થીઓએ લાભ લીધો છે.

મુખ્યમંત્રી અમૃતમ યોજના મા અંતર્ગત જિલ્લામાં ૩૮,૯૫૫ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરના ૮૧૪૦, કલોલના ૮૨૭૬, દહેગામના ૧૨,૫૬૨ અને માણસાના ૯૯૭૭ પરિવારોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી અમૃતમ્ વાત્સલ્ય યોજના અંતર્ગત જિલ્લાના ૮૨,૩૯૧ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરના ૨૩૫૭૧, કલોલ ૨૦,૩૦૮, દહેગામ ૧૬,૪૯૬ અને માણસાના ૨૨૦૧૬ પરિવારોનો સમાવેશ થાય છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મા વાત્સલ્ય યોજના અંતર્ગત વાર્ષિક આવક ૨.૫૦ લાખથી વધારીને ૩ લાખની કરવામાં આવે છે. આ કાર્ડ ધારકોને નવ જેટલી ગંભીર બિમારી દરમ્યાન પણ રૂ. ૩ લાખ સુધીની સારવાર ઉપલબ્ધ થાય છે.

## સસ્પેન્ડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રાજયસેતુ નિગમ પર ખરાબ ક્વૉલિટીની સામગ્રી લાવવાનો આરોપ સામે આવી રહ્યો છે. સિગરા પોલીસ સ્ટેશન વિસ્તારના શહેરના સૌથી વ્યસ્ત હિસ્સામાં આવેલા લહરતારામાં મંગવારે બપોરે આ અકસ્માત થયો. જ્યાં બે દિવસ પહેલા જ પુલ પર રાખવામાં આવેલા સ્લેબને જોડવાનું કામ ચાલી રહ્યું હતું. તે છતાંપણ નીચેથી ટ્રાફિક પસાર થતો રહ્યો. એડમિનિસ્ટ્રેશને ટ્રાફિકને રોક્યો નહીં. આ બેદરકારી સામાન્ય લોકો પર ભારે પડી.

યુપીના મુખ્યમંત્રી આદિત્યનાથે હોસ્પિટલમાં ઘાયલોની મુલાકાત કરી હતી. સરકારે મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખની સહાય અને ગંભીર રીતે ઘાયલ લોકોને ૨-૨ લાખની સહાયની જાહેરાત કરી છે.તો યોગી આદિત્યનાથ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. રાજ્ય સરકારે સમગ્ર ઘટનાની તપાસ માટે એક ટીમની રચના કરી છે,અને બેદરકારો વિરુદ્ધ કડક પગલાં લેવાના આદેશ પણ આપી દેવાયા છે.

ઉલ્લેખનીય છે કે,આ દૂર્ઘટનાને લઈને યુપી સરકાર એકશનમાં આવી ગઈ હતી. યુપી સરકારે આ દૂર્ઘટના પર ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા હતા. જેમાં ચીફ પ્રોજેક્ટર મેનેજર એચસી તિવારી, પ્રોજેક્ટ મેનેજર કે. આર સૂદન, આસ્સિટન્ટ એન્જીનિયર રાજેશસિંહ અને એન્જીનિયર લાલચંદને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

## શરતી યુદ્ધવિરામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે કોઈપણ પ્રકારના નિર્ણય લેવાનો અધિકાર રહેશે. આના માટે સંપૂર્ણપણે સુરક્ષા દળો સ્વતંત્ર રહેશે. કેન્દ્ર સરકાર એવી અપેક્ષા રાખે છે કે તમામ લોકો સુરક્ષાની આ વ્યવસ્થામાં સહકાર કરશે જેમાંથી મુસ્લિમ સમાજના ભાઈ-બહેનો રમઝાન મહિનાની શાંતિપૂર્ણરીતે ઉજવણી કરી શકશે. આ પહેલા જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ ૯મી મેના દિવસે એક સર્વપક્ષીય બેઠક બોલાવી હતી જેમાં રમઝાનના પવિત્ર મહિનામાં કેન્દ્રની સામે ખીણમાં એક પક્ષીય યુદ્ધવિરામના દરખાસ્તની વાત કરવામાં આવી હતી. આ બેઠક બાદ મહેબુબાએ દાવો કર્યો હતો કે તમામ પાર્ટીઓ આ મુદ્દા સાથે સહમત છે. બીજી બાજુ થોડાક દિવસ બાદ જ મહેબુબા મુફતીએ આ દાવાને ફગાવતા કહ્યું હતું કે, રાજયના નાયબ મુખ્યમંત્રી કવિન્દ્ર ગુપ્તાએ કહ્યું હતું કે, સુરક્ષા દળો પર થઈ રહેલા હુમલા વચ્ચે ખીણમાં યુદ્ધવિરામ કરવાના મહેબુબાના પ્રસ્તાવ ઉપર કોઈપણરીતે સ્વીકાર કરશે નહીં. રાજયની સત્તામાં ભાગીદાર રહેલી ભાજપના સભ્યોએ મહેબુબાના પ્રસ્તાવને ફગાવી દીધા બાદ પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ બેઠકની યોજના અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. જો કે, મોડેથી આ મુદ્દે સહમતિ સધાઈ હતી. કેન્દ્ર સરકારે આગામી ૩૦ દિવસ દરમિયાન પ્રદેશમાં કોઈ નવા ઓપરેશન હાથ ન ધરવા કહ્યું છે. જો કે, હુમલાની સ્થિતિમાં સુરક્ષા દળો પાસે અધિકારો રહેશે. નિર્ણય અંગે મહેબુબા મુફતીને પણ જાણ કરવામાં આવી ચુકી છે. આ નિર્ણયનું તમામ જગ્યાએ સ્વાગત થઈ રહ્યું છે. જમ્મુ કાશ્મીરમાં ઓપરેશન ઓલઆઉટ હાલમાં ચાલી રહ્યું હતું. આ ઓપરેશન ઓલઆઉટના ભાગરુપે વર્ષ ૨૦૧૭માં ૨૫૦થી પણ વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા જયારે ૨૦૧૮માં હજુ સુધી ૭૦થી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. ત્રાસવાદીઓ સામે કાર્યવાહી જારી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ